## નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત સાફલ્યગાથા

### તા.૨૩/૦૫/૨૦૨૨ થી ૨૯/૦૫/૨૦૨૨

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|

**તા. ૨૯/૦૫/૨૦૨૨ ના રોજ ખેરગામ સરસ્યા, ફળિયુ ચીખલી રોડ, તા. ખેરગામ, જી.નવસારી ખાતે ખેરગામ ગ્રામ્ય પોલીસ સ્ટેશનના નવા મકાનનુ લોકાર્પણ કાર્યક્રમ**





પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિલેજ વિઝીટ નિરંતર કરવામાં આવે છે.









પોલીસ અધિકારી/ કર્મચારીઓ સ્વાસ્થય જળવાય રહે તે માટે સોમવાર/ શુક્રવાર તેમજ એડવાન્સ યોગા તેમજ પરેડનુ આયોજન કરવામાં આવે છે.





વાંસદા ખાતે ગુજરાત રાજય ૨૮મો આદિજાતિ મહોત્સવ દરમ્યાન દિન – ૨ માટે સાયબર ક્રાઇમ લોકજાગૃતિ- નશામુકતિ જન જાગૃતિ – તેમજ પોલીસના હથિયાર બાબતે શસ્ત્ર પ્રદર્શન યોજવામાં આવેલ.
















## <u>પ્રેસનોટ તા.૨૪/૦૫/૨૦૨૨</u>

### નવસારી ટાઉનમાં બંધ એપાર્ટમેન્ટમાં થયેલ ચોરીનો વણશોધાયેલ ગુનો શોધી કાઢી કુલ કિ.રૂ.૪,૨૧,૪૦૦/- ની ચોરીનો તમામ મુદ્દામાલ કબ્જે કરતી એલ.સી.બી. નવસારી

શ્રી ઋષિકેશ ઉપાધ્યાય IPS, પોલીસ અધિક્ષક,નવસારી નાઓએ જિલ્લામાં વાહન ચોરી, ઘરફોડ ચોરી તથા અન્ય મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા વોચ રાખી માહિતી મેળવી સફળ કામગીરી કરવા તથા શોધી કાઢવા માટે ડી.એસ.કોરાટ, પોલીસ ઇન્સપેક્ટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોક્ત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ, પોલીસ ઇન્સપેક્ટર એલ.સી.બી. નવસારી નાઓએ એલ.સી.બી. સ્ટાફના PSI એમ.આર.વાળા તથા એલ.સી.બી. સ્ટાફનાને ખાનગી બાતમીદારો રોકી ફળદાયક હકીકત શોધી કાઢવા સુચના આપેલ હોય.

ગઈ તા.૨૩/૦૫/૨૦૨૨ ના રોજ મોજે. રાયે રેસીડેન્સી પુષ્પ વિહાર સોસાયટી, જયશંકર પાર્ટી પ્લોટ પાસે, નવસારી ખાતે બંધ એપાર્ટમેન્ટમાં ચોરી થયેલ. જે અનુસંધાને નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ એ 11822019220912/2022 ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ. જે ગુનાના કામે એલ.સી.બી. શાખાના પોલીસ કર્મચારીઓ તપાસમાં હતા. દરમ્યાન તા.૨૪/૦૫/૨૦૨૨ ના રોજ ASI સુનીલસિંહ દેવીસિંહ તથા PC અર્જુનભાઇ પ્રભાકર નાઓને તેમના ખાનગી બાતમીદાર મારફતે બાતમી હકિકત મળેલ કે ઉપરોક્ત ગુનાના કામે ચોરી કરનાર ઇસમ ચોરીના દાગીના વેચવા માટે નવસારી શહેર વિસ્તારમાં નીકળેલ છે. જે મળેલ બાતમી હકીકત આધારે આ કામના આરોપી ક્રોનિલ ચેતનભાઇ દફતરી ઉ.વ.૨૪, રહે. ૬૦૧, કિનારા એપા. નં.-૨, શાંતાદેવી રોડ, નવસારી તા.જી.નવસારી નાને પકડી પાડી ચોરી કરેલ મુદ્દામાલ (૧) એક સોનાનું નાનું મંગળસુત્ર ૩.૨૦૦ ગ્રામ કિ.રૂ.૧૩,૮૫૦/-, (૨) એક સોનાનું મોટું મંગળસુત્ર ૨૬.૦૬૦ ગ્રામ કિ.રૂ.૧,૩૪,૧૫૦/-, (૩) એક સોનાની ચેઇન ૧૨.૪૫૦ ગ્રામ કિ.રૂ.૬૪,૭૦૦/-, (૪) એક જોડી સોનાના ટીપ ૪.૯૧૦ ગ્રામ કિ.રૂ.૨૫,૦૦૦/-, (૫) ૨ સોનાની વીંટી ૧.૯૪ ગ્રામ કિ.રૂ.૧૧,૫૫૦/-, (૬) ડાયમંડ વાળી સોનાની બુટ્ટી ૦.૨૭૦ ગ્રામ કિ.રૂ.૬૦૦/-, (૭) સોનાનું કડું ૧૭.૫૨૦ ગ્રામ કિ.રૂ.૯૫,૨૫૦/-, (૮) ૧૦ અલગ અલગ ડિઝાઇનવાળા ડાયમંડ તથા સોનાના પેન્ડલ ૧૧.૭૯૦ ગ્રામ કિ.રૂ.૬૮,૩૦૦/- મળી કુલ કિ.રૂ.૪,૨૧,૪૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીને CRPC કલમ ૪૧(૧)ડી મુજબ ડીટેઇન કરી કાયદેસરની કાર્યવાહી કરી નવસારી ટાઉન પો.સ્ટે. માં સોંપવામાં આવેલ છે.

<u>(૧) પકડાયેલ આરોપી :-</u>

ક્રોનિલ ચેતનભાઇ દફતરી ઉ.વ.૨૪, રહે. ૬૦૧, કિનારા એપા. નં.-૨ શાંતાદેવી રોડ, નવસારી તા.જી.નવસારી

<u>(૨) કબ્જે કરેલ મુદ્દામાલ:-</u>

(૧) એક સોનાનું નાનું મંગળસુત્ર ૩.૨૦૦ ગ્રામ કિ.રૂ.૧૩,૮૫૦/-, (૨) એક સોનાનું મોટું મંગળસુત્ર ૨૬.૦૬૦ ગ્રામ કિ.રૂ.૧,૩૪,૧૫૦/-, (૩) એક સોનાની ચેઇન ૧૨.૪૫૦ ગ્રામ કિ.રૂ.૬૪,૭૦૦/-, (૪) એક જોડી સોનાના ટીપ ૪.૯૧૦ ગ્રામ કિ.રૂ.૨૫,૦૦૦/-, (૫) ૨ સોનાની વીંટી ૧.૯૪ ગ્રામ કિ.રૂ.૧૧,૫૫૦/-, (૬) ડાયમંડ વાળી સોનાની બુટ્ટી ૦.૨૭૦ ગ્રામ કિ.રૂ.૬૦૦/-, (૭) સોનાનું કડું ૧૭.૫૨૦ ગ્રામ કિ.રૂ.૯૫,૨૫૦/-, (૮) ૧૦ અલગ અલગ ડિઝાઇનવાળા ડાયમંડ તથા સોનાના પેન્ડલ ૧૧.૭૯૦ ગ્રામ કિંમત રૂ.૬૮,૩૦૦/- મળી કુલ કિ.રૂ.૦૪,૨૧,૪૦૦/- નો મુદ્દામાલ

**(૩) સારી કામગીરી કરનાર પોલીસ અધિકારી/ કર્મચારીઓ :-**

PI ડી.એસ.કોરાટ, PSI એમ.આર.વાળા, ASI કમલેશભાઇ રામભાઇ, ASI સુનીલસિંહ દેવીસિંહ, HC વિપીનભાઇ મનસુખભાઇ, HC નિલેશભાઇ અશોકભાઇ, HC શક્તિસિંહ સુખદેવસિંહ, PC અર્જુનભાઇ પ્રભાકર, PC અનિલભાઇ રમેશભાઇ, PC રામજીભાઇ ગયાપ્રસાદ તમામ નોકરી એલ.સી.બી નવસારી નાઓ દ્વારા સારી કામગીરી કરેલ છે.





## <u>પ્રેસનોટ તા.૨૬ /૦૫/૨૦૨૨</u>

### <u>વેસ્મા ગામેથી ગુમ થયેલ ઇસમને શોધી કાઢતી એલ.સી.બી નવસારી</u>

ગઇ તા.૧૯/૦૫/૨૦૨૨ ના રોજ નવસારી રૂરલ પો.સ્ટે. ખાતે સુબોધભાઇ ભીખુભાઇ વશી રહે. વેસ્મા ગામ, વશી ફળિયું, તા.જલાલપોર,જી.નવસારીનાઓએ તેમના દિકરા સાગરભાઇ સુબોધભાઇ દેસાઇ ગુમ થવા અંગે નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની જાહેરાત આપેલ.સદર ગુમ જાણવા જોગની તપાસ દરમ્યાન ધારાગીરી ઓવરબ્રિજ ઉપરથી ગુમ થનાર સાગરભાઇ સુબોધભાઇ દેસાઇનાઓની બજાજ પલસર મો.સા.નં. GJ -21-AF -5121 તથા સુસાઇડ નોટ મળી આવેલ.પરંતુ ગુમ થનારની લાશ મળી આવેલ નહી.જે બાબતે શ્રી ઋષિકેશ ઉપાધ્યાય,IPS, પોલીસ અધિક્ષક સાહેબ નવસારી નાઓએ ડી.એસ.કોરાટ પોલીસ ઇન્સપેક્ટર એલ.સી.બી નવસારી નાઓને સદર બાબતે તપાસ કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

જે અનુસંધાને PC અર્જુનભાઇ પ્રભાકરભાઇનાઓને મળેલ હકીકત આધારે સદર ગુમ થનાર સાગરભાઇ સુબોધભાઇ દેસાઇ ઉ.વ.33 રહે.વેસ્મા ગામ,વશી ફળિયું, તા.જલાલપોર,જી.નવસારીને દિન- ૦૭માં શોધી કાઢી તેના ઘરે પહોંચાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

<u>સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-</u>

PI ડી.એસ.કોરાટ, ASI સુનિલસિંહ દેવીસિંહ, HC ભાવેશકુમાર જયમનલાલ, PC અર્જુનભાઇ પ્રભાકરભાઇ તમામ નોકરી એલ.સી.બી. નવસારી



<u>પ્રેસનોટ તા.૨૭/૦૫/૨૦૨૨</u>

**ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી તથા બીયરની બાટલીઓ તથા ટીનબીયર નંગ-૯૩૬ કિંમત રૂ.૯૯,૬૦૦/-ના પ્રોહી મુદામાલ સાથે આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી**

મે.અધિક પોલીસ મહાનિદેશકશ્રી સુરત વિભાગ,સુરત નાઓ તરફથી સુરત રેંજમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી તથા સેવનની તેમજ દારૂની ગેરકાયદેસરની પ્રવૃતિ અંકુશમાં લેવાના ઉદેશથી પ્રોહીબીશન પ્રવૃતિ અંગે ઝુંબેશનું આયોજન કરેલ. જે અન્વયે શ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ,IPS,પોલીસ અધિક્ષકશ્રી નવસારીનાઓએ ડી.એસ.કોરાટ,પોલીસ ઈન્સ્પેકટર,એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોકત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ,પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી,નવસારી નાઓએ પો.સ.ઇ. એમ.આર.વાળા તથા પો.સ.ઇ. એસ.ટી.પારગી એલ.સી.બી નવસારી તથા એલ.સી.બી.સ્ટાફના પોલીસ કર્મચારીઓને પ્રોહીબીશન અંગેની હેરાફેરીની ગેરકાયદેસરની પ્રવૃતિ રોકવા ખાનગી બાતમીદારી રોકી બાતમી હકીકત મેળવી ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન થાય તેવી સુચના આપેલ હોય. જે અન્વયે એલ.સી.બી.સ્ટાફના અધિકારી તથા પોલીસ કર્મચારીઓ ખાનગી બાતમીદારો રોકી વોચ તપાસ તેમજ વર્ક આઉટમાં હતા.

ગઇકાલ તા.૨૬/૦૫/૨૦૨૨ ના રોજ પો.કો. અનીલભાઇ રમેશભાઇ તથા પો.કો. રામજીભાઇ ગયાપ્રસાદ નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોજે નવસારી ધોળાપીપળા થી પેરા તરફ જતાં રોડ ઉપર ઉપરથી (૧) ધીરજ ચતુર પાટીલ ઉ.વ.૩૨ ધંધો-ડ્રાઇવીંગ રહે. શ્રીનાથ સોસાયટી, લીંબાયત સુરત મુળરહે. મોંડાળાગ્રામ, તા.પારોલા જી.જલગાંવ મહારાષ્ટ્રના કબજાના ટાટા કંપનીના છોટા હાથી ટેમ્પો નં.**GJ-20-V-1623** માંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી તથા બીયરની બાટલીઓ તથા ટીનબીયર નંગ-૯૩૬ જેની કિ.રૂ.૯૯,૬૦૦/-નો પ્રોહી મુદામાલ ગેરકાયદેસર વહન કરી લઇ જતા પકડી પાડી આરોપી પાસેથી કબ્જે કરેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો કયાંથી લાવેલ છે અને કોને આપવાનો છે? તે બાબતે પુછપરછ કરતાં પોતાના ઓળખીતા ગણેશ પવાર રહે. શ્રધ્ધા સોસાયટી, ડીંડોલી સુરત નાએ દમણ કોસ્ટલ હાઇવે ઉપરથી આ દારૂનો જથ્થો ભરી ટેમ્પો આપેલ અને પોતે કાળા કલરનુ બજાજ કંપનીનુ નવુ પલસર મોટરસાયકલ ઉપર આગળ પાયલોટીંગ કરી તેના કહેવા મુજબ કડોદરા ખાતે લઇ જનાર હોવાની હોવાની હકિકત પંચો રૂબરૂ જણાવેલ હોય પકડાયેલ આરોપી તથા માલ ભરાવનાર વિરૂધ્ધમાં નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબીશનનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.

(૧) પકડાયેલ આરોપીનુ નામ:-

<u>**પકડાયેલ આરોપી-**</u> ધીરજ ચતુર પાટીલ ઉ.વ.૩૨ ધંધો-ડ્રાઇવીંગ રહે. શ્રીનાથ સોસાયટી, લીંબાયત સુરત મુળરહે. મોંડાળાગ્રામ, તા.પારોલા જી.જલગાંવ મહારાષ્ટ્ર

<u>**વોન્ટેડ આરોપી-**</u> (૧) ગણેશ પવાર રહે. શ્રધ્ધા સોસાયટી, ડીંડોલી સુરત **(પ્રોહી જથ્થો ભરાવનાર)**

(૩) કબ્જે કરેલ મુદામાલ:-

(૧) ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી તથા બીયરની બાટલીઓ તથા ટીનબીયર નંગ-૯૩૬ જેની કિ.રૂ.૯૯,૬૦૦/-નો પ્રોહી મુદામાલ, (૨) છોટા હાથી ટેમ્પો નં GJ-20-V-1623 કિ.રૂ.૧ ,00,000/-, (3) કાપેલ પ્લાસ્ટીકની થેલીઓ નંગ-૩૭ કિ.રૂ.00/00,(૪) આરોપીઓની અંગઝડતીમાંથી મળેલ મોબાઇલ ફોન કિ.રૂ.૫00/-,(૫) રોકડા રૂપીયા ૨૬૦/- મળી કુલ કિ.રૂ.૨,00,૩૬૦ /- નો પ્રોહી મુદામાલ

(૪) સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

PI ડી.એસ.કોરાટ ,PSI એસ.ટી.પારગી,PSI એમ.આર.વાળા,ASI કલ્યાણભાઈ રામભાઈ,HC નિલેશભાઇ અશોકભાઇ,HC શક્તિસિંહ જુમરેવસિંહ , PC રામજીભાઇ ગયાપ્રસાદ યાદવ, PC અનીલભાઇ રમેશભાઇ

